## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૦/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 572 તા.

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

22 AUG 2022

પ્રતિ,
જમનાદાસ નાનજીભાઈ પરમાર
પ્લોટ નં. ૩૮૯૨, જીઆઈડીસી-દરેડ
મુ.દરેડ,
જી. :જામનગર, પીનકોડ : ૩૬૧૦૦૪ મોબાઈલ : ૯૩૭૬૯૦૯૬૫૮

વિષય : મારા ઔધોગિક જોડાણ માં લોડ વધારો કરવા બાબત.
સંદર્ભ : જમનાદાસ નાનજીભાઈ પરમાર ની રજુઆત તારીખ: ૦૭.૦૬.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૦/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર શહેર-૨

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જીઆઈડિસી જામનગર

P.G.V.C.L. Junagadh Consumer Grievance Redressal Forum

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩/ 632 તા.. 22 AUG 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૦/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી જમનાદાસ નાનજીભાઈ પરમાર ગામ – દરેડ
સબડીવીઝન: જીઆઈડીસી જામનગર

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જામનગર શહેર-૨

:: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર
તારીખ: મંગળવાર (૧૯-૦૭-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૭-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, જય ભારત સાથ ઉપરોકત વિષયના અનુસંધાનમાં આપ સાહેબને જણાવવાનું કે, જામનગર મુકામે દરેડ, જી.આઇ.ડી.સી. માં પ્લોટ નંબરઃ ૩૮૯૨ માં જે તે સમયે જે.જે. બ્રાસ ઇન્ડસ્ટ્રીઝ કે જે અમો (૧) જયંતિલાલ કાનજીભાઈ સોનગ્રા તથા (૨) જમનાદાસ નાનજીભાઇ પરમાર ભાગીદારીમાં કે જે પ્લોટ મેસર્સ જે.જે. બ્રાસ ઇન્ડસ્ટ્રીઝના નામે જી.આઇ.ડી.સી. દ્વારા ફાળવવામાં આવતા, ભાગીદારી ખાતા ના કરાર મુજબ પ્લોટ ના બે સરખા ભાગ કરી બન્ને પક્ષકારોએ એક એક ભાગવાળી જગ્યા કબ્જેદાર તરીકે ધારા - ધોરણ મુજબ ધારણ કરવાની છે.આમ,

જી.આઇ.ડી.સી. દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટના બે સરખા ભાગ પાડી જરૂરી કાર્યવાહી કરી જયંતિભાઇ કાનજીભાઇ સોનગ્રા એ તેમના ભાગમાં આવેલ પ્લોટ (જગ્યા) કે જે જગ્યા ઉપર પી.જી.વી.સી.એલ. નું મેસર્સ જે.જે. બ્રાસ ઇન્ડસ્ટ્રીઝનું વિજ જોડાણ કાયમ રાખેલ અને મારા ભાગમાં આવેલ જગ્યામાં મેં પી.જી.વી.સી.એલ. દ્વારા જમનભાઈ નાનજીભાઈ પરમારના નામે બીજું ઔદ્યોગિક વિજ જોડાણ મેળવેલ જે હાલ 37 KW નું છે. મારે હાલમાં મારા ધંધાના વિકાસ માટે મારા હાલ ના 37 KW ના વિજ જોડાણમાં વધારા ના 20 KW ની જરૂરીયાત ઉભી થયેલ છે.પીજીવીસીએલ,કચેરીએ લોડ વધારા માટે જતા તેઓ દ્વારા મારા નામે એટલે કે જમનભાઈ નાનજીભાઈ પરમાર ના નામનો GIDC નો એલોટમેન્ટ લેટર માંગેલ છે, ખરેખર જે તે સમયે અમો ભાગીદારી માં મેસર્સ જે.જે, બાસ ઇન્ડસ્ટ્રીઝ થી ધંધો કરતા હતા અને ત્યારબાદ ભાગીદારી વિસર્જન થતા, મેં મારા ભાગમાં આવેલા પ્લોટમાં જમનભાઇ નાનજીભાઇ પરમારના નામનું નવું ઔદ્યોગિક જોડાણ મેળવેલ.આશ્ચર્યની વાત એ છે કે, જે તે સમયે નવા ઔદ્યોગિક જોડાણ માટે મારી પાસે જમનભાઇ નાનજીભાઇ પરમારના નામનો GIDC નો એલોટમેન્ટ લેટર માંગવા માં આવેલ ન હતો, જ્યારે આજે ઘણા વર્ષથી કાર્યરત વિજ જોડાણમાં લોડ વધારા માં એલોટમેન્ટ લેટરની માંગણી કરવા માં આવેલ છે. જે તે GIDC દ્વારા જરૂરી તમામ ફી લઈ કાર્યવાહી કરેલ છે. આપ સાહેબને નમ્ર વિનંતી કે, મને મારા હાલના વિજ જોડાણમાં લોડ વધારાનો હુકમ કરવા યોગ્ય કરશો. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

P.G.V.C.L. Junagadh Consumer Grievance Redressal Forum

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહક નં :- 62401/62066/4 (જૂના નં:- 87101/62066/3 નામ જમનાદાસ નાનજીભાઇ પરમાર માં હરજીભાઇ જમનભાઇ પરમાર દ્વારા નામ ટ્રાન્સફર સાથે 37 KW + 20 KW = 57 KW ના લોડ વધારો માંગેલ જેમાં ગ્રાહક દ્વારા લોડ વધારો + નામ ટ્રાન્સફર માટે ડૉક્યુમેન્ટ સામેલ કરેલ જેમ કે (1) A1 ફોર્મ (2) લાઇટ બિલ (3) મહાનગરપાલિકા ટેક્સબિલ (4) મરણનો દાખલો (સ્વ. શ્રી જમનાદાસ નાનજીભાઇ પરમાર) (5) પાન કાર્ડ (6) જે.જે.બ્રાસ ઇન્ડસ્ટ્રીના નામનો એલોટમેંટ લેટર (7) રકમ રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર એગ્રીમેન્ટ ફોર ટ્રાન્સફર ઓફ લીઝ હોલ્ડ રાઇટ્સ યાને લીઝ હોલ્ડ રાઇટ્સ તબદીલ કર્યા અંગેનો કરાર (જેમાં પ્રથમ પક્ષકાર શ્રી જયંતિલાલ કાનજીભાઇ સોનગ્રા અને બીજા પક્ષકાર શ્રી જમનાદાસ નાનજી પરમાર છે. (8) SKETCH SHEET (9) બાહેંધરી ખત (હરજી જમનભાઇ પરમાર) આપનાર (10) બાહેંધરી /સોગંદનામું (હરજી જમનભાઇ પરમાર) (11) સંમતિ આમ નામ ટ્રાન્સફર ની મંજૂરી અર્થે ઉપરોક્ત ડોકયુમેન્ટ સાથે સદર ફાઇલ સીટી-૨ ડિવિઝન ઓફિસમાં પત્ર ના ISD/TECH/AUDIT/266 DT. 06-05-2022 થી દરેડ પેટાવિભાગ દ્વારા મોકલેલ. જેમાં સીટી-૨ ડિવિઝન ઓફિસ દ્વારા પત્ર (DIVISION LETTER NO – JCD-2/REV/LE/22-3788 DT 13-05-2022) થી દરેડ પેટાવિભાગ ને જણાવેલ કે સદર નામ ટ્રાન્સફર માં " જે ગ્રાહકના નામે નામ ટ્રાન્સફર કરવું હોઈ તેમાં (હરજીભાઇ જમનભાઇ પરમાર) નામનો ALLOTMENT LETTER સામેલ કરવો"

P.G.V.C.L. Junagadh Consumer Grievance Redressal Forum

૩.૧ આમ, હરજીભાઇ જમનભાઇ પરમાર દ્વારા (કંપની ના નિયમ મુજબ પ્લોટ ના માલિકીના પુરાવા તરીકે) તેમના નામનો ALLOTMENT LETTER પાર્ટી દ્વારા રજૂ કરવામાં ન આવતા તેમના દ્વારા માગવામાં આવેલ લોડ વધારો તથા નામ ટ્રાન્સફર ની આગળની કાર્યવાહી કરવામાં આવેલ નથી જે આપ સાહેબની જાણ તથા આગળની કાર્યવાહી કરવા નમ્ર વિનંતી.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી દ્વારા ચાલુ કનેક્શન માં ૨૦ કિ.વૉ. નો લોડ વધારો તેમજ નામફેર માટેની સંયુક્ત અરજી કરવામાં આવેલ છે.

૪.૨ સદર બાબતે નામફેર કરવાં માટે જે તે જગ્યા/પ્લોટ તેમના નામનો હોવો જોઈએ જે આધાર/ પુરાવા અરજદાર શ્રી દ્વારા સામાવાળા પક્ષ ને રજુ કરેલ નથી. અરજદાર શ્રી હાલ આ કનેક્શન માં વીજ વપરાશ કરે છે તો તેની જરૂરિયાત મુજબ લોડ વધારા માટે કંપની ના નિયમોનુસાર જરૂરી દસ્તાવેજી પુરાવા મળ્યે થી નિયમોનુસાર આગળ ની કાર્યવાહી કરવી.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh